Navgujarat Samay

EDI

July 9, 2016
Front Page No. 2

કરો કંકુના... મહાત્મા મંદિરમાં 21-22 ઓક્ટોબરે વ્યાપારી, ટેક્નોલોજી અને ઇનોવેશનને લગતા તજજ્ઞો અને યુવાઓનો મેળો જામશે

# તેજસ્વી ઉદ્યોગ સાહસિકો માટે વાઈબ્રન્ટ સ્ટાર્ટ અપ સમિટ

» મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના હસ્તે ઉદ્ઘાટન

» બે દિવસના કાર્યક્રમમાં 35 હજારથી વધુ ડેલિગેટ્સ હાજર રહેશે, જાણીતા વક્તાઓ પ્રવચન આપશે



તસવીરઃ પંકજ શુક્લ

**નવગુજરાત સમય** > ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા નવા અને તેજસ્વી ઉદ્યોગ સાહસિકો તથા તેમના ઈનોવેશનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સૌપ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ સમિટ 21 અને 22 ઓક્ટોબરે મહાત્મા મંદિરમાં યોજવાની જાહેરાત કરવામાં આવી છે. સમિટનો હેતુ વ્યાપારી, ટેક્નોલોજી કે અન્ય ઈનોવેશન થકી નવા પ્રકારની ઉદ્યોગ સાહસિકતા શરૂ કરવા માગતા હોય તેમને વિશ્વની સ્ટાર્ટ અપ સિસ્ટમ સાથે જોડીને તેને સંલગ્ન તમામ લોકો સાથે નેટવર્કિંગ સ્થપાય તે માટેનો છે. બે દિવસના આ કાર્યક્રમમાં 35 હજારથી વધુ ડેલિગેટ્સ ભાગ લેશે અને આંતરરાષ્ટ્રીય કક્ષાના આ ક્ષેત્રના જાણીતા વક્તાઓ પણ પ્રવચન આપશે. સમિટનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ કરશે.

ઈન્ડસ્ટ્રિયલ એક્સટેન્શન બ્યુરો અને જીઆઈડીસી દ્વારા સમિટનું આયોજન કરાયું છે. જેના નેશનલ પાર્ટનર તરીકે ફિક્કી અને નોલેજ પાર્ટનર તરીકે ઈડીઆઈ રહેશે. ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે આ સમિટને અનોખી ગણાવતા કહ્યું હતું કે, પાયાના સ્તરેથી બિઝનેસનું નિર્માણ કરીને તેમાં કેવી રીતે વૃધ્ધિ કરવી કે તેમાં શરૂઆત કરતા હોય કે પછી પ્રથમ ગ્રાહક સાથે કરાર કરી ચૂક્યા હોય અને ઈનોવેટીવ આઈડિયા પણ ધરાવતા હોય તેવા તમામ ઉદ્યોગ સાહસિકો, ઈન્ક્યુબેટર્સ, પોલિસી મેકર્સ, નાના વ્યવસાયના માલિકો, વેન્ચર ફંડ્ઝ અને તેને લગતી કંપનીઓના પ્રતિનિધિઓને મળવાનું આ સમિટ માધ્યમ બનશે. ભારત અને ગુજરાત સરકાર સાથે મળીને આ મિશનને કેવી રીતે આગળ લઈ જવું તેની ચર્ચા કરશે. જાન્યુઆરીમાં યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પૂર્વે પ્રિ-વાઈબ્રન્ટ સમિટ યોજાશે.

સ્ટાર્ટ અપ પોલિસી જાહેર કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય હતું તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધી તે અંતર્ગત 47 જેટલા પ્રોજેક્ટ તેમાં આવ્યા છે અને 100 જેટલા ઉદ્યોગ સાહસિકો તેની સાથે જોડાયેલા છે. સરકારે 2.30 કરોડ જેટલું ફંડ પણ તેમના માટે આપ્યું છે. મુખ્ય વાઈબ્રન્ટ સમિટમાં પણ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પર થીમ સેમિનારનું આયોજન કરાયું છે.

સ્ટાર્ટ અપ સમિટની કોર કમિટીના સભ્ય સુનિલ પારેખે બે દિવસના કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું હતું કે, તેમાં રાજ્યના 50 ટોપની કોફી ટેબલ બુકનું વિમોચન કરાશે અને તેને લગતા 'વ્હાય આઈ મેરેજ એન્ટરપ્રિન્યોર અને કૌન બનેગા કરોડપતિ' જેવા રસપ્રદ વિષયો પર સેમિનાર પણ યોજાશે. ખાસ કરીને નવા ઉદ્યોગ સાહસિકો માટે પડકારો કેવા હોય છે અને તેમાંથી કેવી રીતે સફળ થવું તેની ચર્ચા મુખ્ય રહેશે. દિલ્હી, મુંબઈ, હૈદ્રાબાદ અને રાજ્યમાં અમદાવાદ, સુરત, વડોદરા, મહેસાણા, આણંદ વિગેરે સ્થળોએ રોડ-શો પણ કરવામાં આવશે.

આઈ ક્રિએટના સીઈઓએ અનુપ જલોટેએ આઈડિયા સંદર્ભે કેવી રીતે સ્ટાર્ટ અપ થઈ શકે અને તેમાં કેવી તકો છે, તે વિશે પ્રેઝન્ટેશન સાથે વાત કરી હતી. ફિક્કી-ગુજરાત સ્ટેટ કાઉન્સિલના હેડ પરમ શાહે સમિટના કારણે ગુજરાત સહિત દેશભરના ઈનોવેટીવ આઈડિયા સાથે આગળ આવવા માગતા યુવાનોને અનેક લોકોને મળવાની તક મળશે તેમ જણાવ્યું હતું. ઈડીઆઈના સત્યા આચાર્ય વિગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.